بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

**અહેમદીઓએ યાદ રાખવું જોઇએ કે પ્રત્યેક આક્રમણો જે અલ્લાહના નામે ભટકેલ લોકો કરે છે આપણે પહેલાથી અધિક પોતાની જીમ્મેદારીઓ પૂર્ણ કરવા તરફ ધ્યાન અપાવનાર હોવો જોઇએ પ્રત્યેક એવી હરકત જેનાથી ઇસ્લામનું નામ બદનામ થાય છે. ત્યાર બાદ આપણે દુનિયાને બતાવવું છે કે અમારા મઝહબની બૂનિયાદ અમન અને સલામતી પર છે દુઆઓ અને સદકાત પર ખુબ જોર આપવાની કોશિશ કરવી જોઇએ જેથી આપણે ખુદા તઆલાના ફઝલોને હાસેલ કરનાર બનતા જઇએ કુરાન શરીફમાં ઘણી બધી દુઆઓ છે જેને અલ્લાહ તઆલાના ફઝલોને હાસેલ કરવા માટે પઢતા રહેવુ જોઇએ**

સારાંશ ખુત્બા જુમ્મા સૈય્યદના હઝરત અકદસ અમિરૂલ મોમિનીન ખલીફતુલ મસીહ અલ ખામિસ ઐય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ, તા.-29-07-2016 સ્થળ: મસ્જીદ બૈતુલ ફુતુહ લંડન.

તશહુદ તઆઉઝ તથા સુરઃ ફાતેહાની તિલાવત બાદ હુઝુર અનવર ઐય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ એ ફરમાવ્યું :

આજ કાલ દુનિયાની હાલત ખુબ તેજીથી ખરાબ થઇ રહી છે અને બદનસીબીથી તેનુ કારણ મુસ્લિમોના અમુક સંગઠનો બની રહ્યા છે. મુસ્લિમ દેશોના પ્રબંધકો નથી સમજતા કે તેમને ઇસ્લામના વિરાધીઓ ઘેરામાં લેવાનો પ્રયત્ન કરી રહ્યા છે ઇસ્લામના નામે અને જેહાદના નામે જે જુલ્મો થઇ રહ્યા છે તેનો ઇસ્લામી તાલીમ સાથે કોઇ લેવા દેવા નથી. તેવી જ રીતે જે હકુમતો પોતાના લોકો પર જુલ્મ કરી રહી છે તેમનો પણ ઇસ્લામી તાલીમ સાથે કોઇ લેવા દેવા નથી. આતંકવાદ ન માત્ર ઇસ્લામના નામે બિન મુસ્લિમોને કતલ કરે છે બલ્કે તેનાથી અધિક મુસ્લિમોનો કત્લે આમ થઇ રહ્યો છે તેમાં માસૂમ પણ સામેલ છે બાળકો, વૃધ્ધો અને સ્ત્રીઓ પણ સામેલ છે. મુસ્લિમ દેશોની તાકાત કમજોર થઇ રહી છે અને તે જ રીતે ઇસ્લામ વિરોધી તાકાત પણ ઇચ્છે છે કે ઇસ્લામી શાસન કદાપી મજબૂત ન થાય. ઇસ્લામી દેશો કદાપી રોજી રીતે અથવા અમન અને સલામતી રીતે મજબૂત ન થાય. મુસ્લિમ દેશોના પ્રબંધકો અને તેમના પોષિત ઉલ્મા ન ઇસ્લામી તાલીમને સમજે છે અને સમજવા ચાહે છે. ખુદા તઆલા તરફથી મોકલેલ આ યુગના ઇમામ અને માર્ગદર્શકની વાત સાભળવાથી ઇન્કારી છે જેને સ્વંય ખુદા તઆલાએ પોતાના વાયદા પ્રમાણે અને આંહઝરત સ.અ.વ.ની ભવિષ્યવાણી અનુસાર આ યુગમાં ઇસ્લામની વાસ્તવિક તાલીમને દુનિયામાં જારી કરવા માટે મોકલ્યો છે. પરિણામ આપણે જોઇ રહ્યા છીએ કે ઇસ્લામ જે અમન અને ન્યાય કાયમ કરવાનો સૌથી મોટો ધ્વજવાહક છે,જે ઇસ્લામી હકુમતોને કહે છે કે અમન અને ન્યાય કાયમ કરવું ઇસ્લામી હકુમતોનું કર્તવ્ય છે તે જ અમન અને ન્યાયનું અપમાન કરી રહ્યા છે. પ્રત્યેક મુસ્લિમ દેશમાં જે ફિત્ના ફસાદ થઇ રહ્યા છે અને લાભાર્થી તેનાથી લાભ ઉઠાવી રહ્યા છે તે એટલા માટે કે હકુમતો સિવાય જનતાની બહેતરી માટે કાર્ય કરે પોતાના ફાયદા આગળ રાખે છે. મુસ્લિમ મુસ્લિમનું ખૂન કરી રહ્યો છે સહન શકિત પ્રબંધકોમાં નથી રહી. હવે તુર્કીમાં જે બગાવત થઇ બેશક તે બગાવત કોઇ પણ રીતે ઇસ્લામી તાલીમ અનુસાર justified નથી પરંતુ તેના પરિણામે જે હકુમતે પગલાં લીધા છે અથવા લઇ રહ્યા છે તે પણ અત્યાચાર કરવા જેવા છે કે જેટલા પણ હકુમતના રાજકારણ રીતે વિરોધી છે ચાહે તે ફસાદમાં સામેલ પણ ન હોય તેમના વિરૂધ્ધ કાર્યવાહી થઇ રહી છે. આ બધું જોયા છતાં મુસ્લિમ શાસકોને સમજ નથી આવતી જો કુરાન શરીફની તાલીમ પર વિચાર નથી કરવું જો મુસ્લિમ બનીને નથી રહેવું તો અક્કલનો તકોદો એ છે કે સોચી સમજીને પોતાના કદમ ઉઠાવે માટે તે મુસ્લિમ દેશોને અત્રે ખુબ દુઆની જરૂર છે અલ્લાહ તઆલા તેમને અક્કલ આપે.

પછી આતંકવાદી સંગઠનોએ આ પશ્ચિમી દેશોમાં માસૂમ લોકોનું ખૂન કરવાના અત્યંત વિનાશ પૂર્ણ તથા

અત્યાચારી કામ કરીને ઇસ્લામને બદનામ કરવાનું શરૂ કરી દીધું છે આ પણ સંભવ છે કે ઇસ્લામને બદનામ કરવા માટેઇસ્લામ વિરોધી શકિતઓ જ બિન મુસ્લિમ દેશોમાં આ પ્રકારની ગતિવિધિઓ તે લોકો દ્વારા કરાવી રહ્યા હોય જેનાથી ઇસ્લામ બદનામ થાય તથા તેમને સહાયતાના નામે,દુનિયાને આંતકવાદથી બચાવવાના નામે પોતાના અડડા તે દેશોમાં સ્થાપિત કરવા માટે એક કારણ હાથ આવી જાય.

જો સાચી ઇસ્લામી શિક્ષાથી એ લોકો પરિચિત થાય,જ્ઞાન હોય તો તેમને માલૂમ હોવું જોઇએ કે આ કોઇ ઇસ્લામી તાલીમ નથી કે નિર્દોષ લોકોની હત્યા કરવામાં આવે. ઍરપોર્ટો પર, સ્ટેશનો પર, યાત્રીઓને બાળકો અને મહીલાઓને વૃધ્ધ અને બિમારોની હત્યા કરવામાં આવે. ચર્ચમાં જઇને લોકો અને પાદરીઓની હત્યા કરી દેવામાં આવે. આંહઝરત સ.અ.વ.તો યુધ્ધ માટે જે સેના મોકલતા હતા તેને પણ નિર્દેશ આપતા કે મહિલાઓ બાળકો વૃધ્ધો સન્યાસીઓ તથા પાદરીઓની હત્યા ન કરવી પ્રત્યેક તે વ્યકિત જે હથિયાર નથી ઉઠાવતો અથવા કોઇ પણ અવસ્થામાં મુસલમાનો વિરૂધ્ધ યુધ્ધમાં ભાગીદાર નથી તેને કોઇ હાનિ ન પહોચડવી, હત્યા તો દુરની વાત છે. અત્યાચારની તાલીમ ન તો કુરાન શરીફની છે ન તો આંહઝરત સ.અ.વ.ની ન તો ખુલફા એ રાશેદીનની ન તો સહાબાના કોઇ ઉદાહરણથી સાબિત છે અલ્લાહ તઆલએ આપણ ધર્મનું નામ ઇસ્લામ રાખ્યું છે અને આ નામ આતંકવાદ અને જોર જબરદસ્તીને રદ કરે છે અને અમન તથા શાંતિનો સંદેશ આપે છે ઇસ્લામનો અર્થ શાંતિથી રહેવું અને શાંતિ આપવું છે અલ્લાહ તઆલા કુરાન શરીફમાં ફરમાવે છે કે અલ્લાહ તઆલા સલમતી અને અમનના ઘર તરફ બોલાવે છે. એક વાસ્તવિક મુસ્લિમ જ્યારે નમાઝ પઢે છે તો અલ્લાહ તઆલાની દયા અને તેની કૃપા માંગે છે. એક મુસ્લિમ જ્યારે નમાઝ પઢે છે તો પછી દુસ્સાહસ,શરારત અને ઘોર પાપથી બચે છે. અલ્લાહ તઆલ ફરમાવે છે કે નમાઝ ખરાબ અને નાપસંદ વાતોથી રોકે છે પછી ઇસ્લામ કહે છે કે સલામને પ્રચલિત કરો અને સલામતી ફૅલાવો.સલામ કહેવું કેવળ મુસ્લિમો સુધી જ સીમિત નથી. આંહઝરત સ.અ.વ.ના યુગમાં તો બધાને સલામ કહેવાતી હતી,વિના ભેદભાવે. કોઇ પણ નિર્દેશને લઇ લો, ઇસ્લામ અમન અને શાંતિનો ધર્મ છે ન કે આતંકવાદનો. જો દુનિયાના દિલ જીતી શકીએ છીએ, જો ઇસ્લામને દુનિયામાં ફેલાવી શકીએ છીએ તો તેની સુંદર તાલીમ દ્વારા. ન કે કટટર વાદીઓ તથા તેમના આલિમોની સ્વયં નિર્મિત શિક્ષા દ્વારા. પરંતુ આ માર્ગ તો તે જ દેખાડી શકે છે જેને અલ્લાહ તઆલાએ આ યુગનો ઇમામ બનાવી મોકલ્યો છે હઝરત મસીહ મૌઉદ અ.સ. એક સ્થાને ફરમાવે છે કે ઇસ્લામે પોતાની શિક્ષાના બે ભાગ કર્યા છે પ્રથમ અલ્લાહના હક અને બીજુ તેના બંદાના હક. અલ્લાહનો હક તો એ કે તેની આજ્ઞાનુ પાલન કરવામાં આવે અને બંદાનો હક એ કે ખુદા તઆલાની સૃષ્ટિથી સહાનુભૂતિ કરે. એ માર્ગ ઉચિત નથી કે ધાર્મિક મતભેદના કારણે કોઇને કષ્ટ આપે. સહાનુભૂતિ અને સદવ્યવહાર એક વસ્તું છે તથા ધર્મનો મતભેદ બીજી વસ્તુ છે.

આમ, આ શિક્ષણ છે જેને અપનાવીને મુસ્લિમ દુનિયામાં ફરીથી ઇસ્લામની પ્રતિષ્ઠા સ્થાપિત કરી શકે છે કે ખુદાના હકને પણ ઓળખે તથા એક બીજાના હકને પણ ઓળખે. માનવ સમાજમાં પ્રેમ પેદા કરવાનો પ્રયાસ કરે તેનાથી ઉપર થઇને કે કોણ કયા ધર્મનો અનુયાયી છે. અત્યાચારી ગતિવિધિઓથી કામ લઇને નિર્દોષ લોકોની હત્યા કર્યા વિના ઇસ્લામની અમન તથા પ્રેમની તલવારથી લોકોને ઘાયલ કરીને ખુદા તઆલા અને તેના રસૂલના ચરણોમાં લાવીને નાખે. અહેમદીઓએ યાદ રાખવું જોઇએ કે પ્રત્યેક હુમલો જે અલ્લાહના નામે ભટકેલ લોકો કરે છે આપણે પહેલાથી અધિક પોતાની જીમ્મેદારીઓ પૂર્ણ કરવા તરફ ધ્યાન અપાવનાર હોવો જોઇએ પ્રત્યેક એવી હરકત જેનાથી ઇસ્લામનું નામ બદનામ થાય છે. ત્યાર બાદ આપણે દુનિયાને બતાવવું છે કે અમારા ધર્મનો આધાર અમન તથા સલામતી પર છે આપણામાંથી પ્રત્યેકે જણાવવાનું છે જો ઇસ્લામના અનુયાયી માંથી કોઇ એવી હરકત કરે છે જે અમન અને સલામતી બરબાદ કરનાર છે તો આ તે વ્યકિત અથવા ગિરોહનું વ્યકિતગત તથા સ્વાર્થ પ્રાપ્તિનું કાર્ય છે ઇસ્લામી શિક્ષાથી તેને કોઇ લેવા દેવા નથી. આ ખરેખર અનુચિત વસ્તુ છે તેનું દાયિત્વ તે લોકો પર આવે છે જે એવા કાર્યો કરે છે ન કે ઇસ્લામ પર.

હુઝુર અનવરે ફરમાવ્યું : દુનિયા સુધી ઇસ્લામનો વાસ્તવિક સંદેશ પહોચાડવાનું હજુ ઘણું કામ છે જે આપણે

હજુ કરવુ છે  પહેલાંથી અધિક પરિચય જમાતનો થઇ ચુકર્યો છે પરંતુ આપણે એવું નથી કહી શકતા કે સંતુષ્ટિ પૂર્ણ કામ થઇ ચુકર્યો છે વિરોધના આ યુગમાં આપણે ખુબ વિવેક અને પરિશ્રમથી કામ કરવુ પડશે આમાં કોઇ સંદેહ નથી કે ઇસ્લામ તે ધર્મ છે જેણે દુનિયામાં ફેલાવું છે ઇન્શાઅલ્લાહ. અને આમાં પણ કોઇ સંદેહ નથી કે ઇસ્લામનો પુર્નોત્થાન હવે અહેમદિયત દ્વારા જ થવાનો છે ઇન્શાઅલ્લાહ. આ અલ્લાહ તઆલાએ મુકરર કરેલ છે પરંતુ આપણે આ પ્રયાસ કરવો જોઇએ અને દુઆ કરવી જોઇએ કે આ પ્રગતિના દૃશ્યો આપણે પોતાના જીવનમાં જોઇ શકીએ તથા આપણી દુર્બળતા અને સુસ્તિઓ આ પ્રગતિને આપણાથી દુર કરનાર ન બને. માટે આપણી પરદાપોશી તથા અલ્લાહ તઆલાની કૃપાઓને ગ્રહણ કરવા માટે આપણે મહેનત અને દુઆઓની જરૂરત છે જેવુ કે મેં કહ્યુ કે આપણા વિરૂધ્ધ તો ઇસ્લામ વિરોધી શકિતઓ પણ છે અને તથાકથિત આલીમો પાછળ ચાલનાર મુસ્લિમો પણ વિરોધી છે પરંતુ આપણે પ્રત્યેક ભયને દુર કરીને હઝરત મસીહ મૌઉદ અ.સ.ના મિશનને પૂર્ણ કરવાનો પ્રયાસ કરવો છે.

અત્યારે દુનિયાની જે હાલત છે તેના માટે અને પ્રત્યેક અહેમદીને કષ્ટથી બચવા માટે તથા સંપૂણ જમાઅતને ખરાબ લોકોની ચાલોથી બચવા માટે આપણે દુઆઓ અને દાન આપવા તરફ ધ્યાન આપવો જોઇએ. જેવુ કે મેં કહ્યુ આજ કાલ હાલતો ખરાબથી ખરાબ થઇ રહી છે અલ્લાહ તઆલા ખરાબ લોકોના અનર્થ તેમના પર જ ઉલટાવે જે ઇસ્લામને બદનામ કરવા માટે કરી રહ્યા છે ઇસ્લામના નામે અત્યાચાર અને વિનાશ કરીને અલ્લાહ તઆલાના દીનને બદનામ કરી રહ્યા છે અલ્લાહ તઆલા તેમની પકડના સાધન જલ્દી કરે તથા તમામ કષ્ટો અને દુવિધાઓને દુર કરે. આંહઝરત સ.અ.વ.એ દુઆઓ તરફ ધ્યાન અપાવતા એક સ્થાને ફરમાવ્યું કે જેના માટે દુઆના દ્વાર ખોલ્યા તેના માટે રહેમતના દ્વાર પણ ખોલ્યા અને અલ્લાહ તઆલાથી જે વસ્તું માંગવામાં આવે છે અલ્લાહ તઆલાને કુશળતા માંગવુ પ્રિય છે તેની સુરક્ષામાં આવવુ તેને પ્રિય છે અને પછી રસૂલુલ્લાહ સ.અ.વ. એ ફરમાવ્યું કે દુઆ તે પરીક્ષાની ઘડીની તુલનામાં જે આવી ગઇ છે અથવા જે હજુ નથી આવી લાભ પ્રદાન કરે છે અને અલ્લાહ તઆલાના બંદાઓ તમારા પર જરૂરી છે કે તમે દુઆ કરવાની આદત નાખો. પછી આપે એક અવસરે ફરમાવ્યું કે અલ્લાહની નજરમાં દુઆથી અધિક સંમાન યોગ્ય કોઇ વસ્તુ નથી. પછી આંહઝરત સ.અ.વ.એ સદકાત વિશે ફરમાવ્યું કે સંકટ અને આગથી બચવા માટે સદકાત,દાન આપો બલ્કે આપ સ.અ.વ.એ આ પણ ફરમાવ્યુ કે પ્રત્યેક મુસ્લિમ પર સદકો આપવો જરૂરી છે. હઝરત મસીહ મૌઉદ અ.સ.એ એક અવસરે ફરમાવ્યું કે સદકાત અને દુઆથી બલા ટળે છે આપ ફરમાવે છે કે દુઆઓની કબુલિયત માટે આ પણ જરૂરી છે કે ઇન્સાન પોતાની અંદર પવિત્ર પરિવર્તન પૈદા કરે જો બુરાઇથી બચી નથી શકતો તથા ખુદા તઆલાની સીમાને તોડે છે તો દુઆઓમાં કોઇ પ્રભાવ નથી રહેતો.

માટે અલ્લાહ તઆલાની સીમામાં રહેતા દુઆઓ અને સદકાત પર જોર આપવામાં આપણે અધિક પ્રયાસ કરવો જોઇએ જેથી આપણે અલ્લાહ તઆલાના ફઝલોને ગ્રહણ કરનાર બનતા જઇએ. હઝરત મસીહ મૌઉદ અ.સ.દુઆઓ તરફ ધ્યાન અપાવતા ફરમાવે છે કે હું તો હંમેશા દુઆ કરૂ છું પરંતુ તમારે પણ હંમેશા દુઆ કરવી જોઇએ.નમાઝો પઢો અને તૌબા કરતા રહો. જયારે આવુ થશે તો અલ્લાહ તઆલા સુરક્ષા પ્રદાન કરશે અને જો આખા પરિવારમાં એક વ્યકિત પણ એવો હશે તો અલ્લાહ તઆલા તેના કારણે બીજાને પણ સુરક્ષા આપશે. ફરમાવ્યું કે જે વિશેષ ઇમાન રાખે છે અલ્લાહ તઆલા તેમની તરફ આવે છે તથા તેમની સુરક્ષા કરે છે. પછી ફરમાવ્યું કે ખુદા તઆલા કદાપી કોઇ સાચાની બેવફાઇ નથી કરતો આખી દુનિયા પણ તેની વિરોધી હોય તથા તેની સાથે દુશ્મની કરે તો તેને કોઇ હાનિ નથી પહોચાડી શકતો. ખુદા શકિતશાળી અને સામર્થ્ય વાળે છે અને ઇન્સાન ઇમાનની શકિતથી તેની સુરક્ષામાં આવે છે તથા તેની શકિતઓ અને સામર્થ્યના અદભૂત દશ્યો જુએ છે, પછી તેનુ કોઇ અપમાન ન થશે. યાદ રાખો કે ખુદા તઆલા સર્વ શકિતશાળી પર પણ સર્વ શકિતમાન છે બલ્કે પોતાના કામનો પ્રધાન પણ છે. સાચા દિલથી નમાઝો પઢો અને દુઆઓ કરતા રહો તથા પોતાના તમામ સબંધીઓ તથા પ્રિય જનોને આ જ શિક્ષણ આપો. સંપૂણ રૂપથી ખુદાની નિકટ થઇને કોઇ હાનિ નથી ઉઠાવતો. દુખની વાસ્તવિક જળ પાપ છે. અલ્લાહ તઆલાએ આપણને કુરાન શરીફમાં અનેક દુઆઓ સિખવાડી છે તેને પણ પઢવી જોઇએ તથા સમજીને પઢવી જોઇએ હઝરત મસીહ મૌઇદ અ.સ.એ પણ આ દુઆ તરફ ખુબ ધ્યાન અપાવ્યું છે કે  હે અલ્લાહ અમને આ દુનિયાની ભલાઇ પણ

આપ તથા આખિરાતની ભલાઇ પણ આપ અને અમોને આગની યાતનાથી બચાવ. હઝરત મસીહ મૌઉદ અ.સ. આવિષયમાં ફરમાવે છે કે ઇન્સાન પોતાની આત્માની સમૃધ્ધિ માટે બે વસ્તુનો મોહતાજ છે એક દુનિયાના સીમિત જીવન અને તેમાં જે સંકટ તથા પરીક્ષાઓ આવે છે તેનાથી સુરક્ષિત રહે અને બીજુ ઘોર પાપ તથા રૂહાની રોગ જે તેને ખુદાથી દુર કરે છે તેનાથી મુકિત મેળવે.

એક દુઆ આ છે કે હે અમારા રબ અમારા દોષ અને ત્રૂટિઓ તથા અમારા કર્મોમાં અમારી કઠોરતાઓ ક્ષમા કરી દે તથા અમારા કદમોને પ્રબળ બનાવી દે તથા અવજ્ઞાકારોની વિરૂધ્ધ અમારી સહાયતા કર. હઝરત મસીહ મૌઉદ અ.સ. આ વિષયમાં ફરમાવે છે કે જો ખુદા પાપો ને ક્ષમા કરનાર ન હોત તો આવી દુઆ કદાપી ન સિખવાડતો.

પછી કુરાન શરીફમાં એક દુઆ છે કે હે મારા રબ મારી ખૈર અને મારી ભલાઇથી જે કંઈ પણ તૂ મારા પર નાઝિલ કરે, હું તેનો મોહતાજ છું. આ દુઆ પણ કરવી જોઇએ. કુરાન શરીફમાં બીજી અનેક દુઆઓ છે જેને અલ્લાહ તઆલાની કૃપાઓને ગ્રહણ કરવા માટે પઢતા રહેવુ જોઇએ. જેવું કે મેં કહ્યુ કે હઝરત મસીહ મૌઉદ અ.સ. એ જણાવ્યું કે અલ્લાહ તઆલાએ કુરાન શરીફમાં આ દુઆઓનું વર્ણન એટલા માટે કર્યુ કે ઇન્સાન વિશુધ્ધ થઇને તેનાથી માંગે જેથી અલ્લાહ તઆલા તેને કાબૂલ કરે.

પછી આંહઝરત સ.અ.વ.ની દુઆઓ છે. હઝરત મસીહ મૌઉદ અ.સ.ની દુઆઓ છે. એક દુઆ વિશે જે હઝરત મસીહ મૌઉદ અ.સ.ની છે આપ ફરમાવે છે કે આ મારા પર ઉતરી છે અર્થાત અલ્લાહ તઆલાએ મને આ દુઆ સિખવાડી છે અને તે આ છે ''રબ્બે કુલ્લિ શૈઅન ખાદિમુકા રબ્બી ફહફઝની વનસુરની'' ફરમાવ્યું કે મારા દિલમાં નાખ્યું કે આ સર્વશ્રેષ્ઠ દુઆ છે તથા આ તે કલિમાત છે જે તેને પઢશે તે પ્રત્યેક સંકટથી મુકિત મેળવશે.

અલ્લાહ તઆલા સામૂહિક રૂપથી જમાઅતને અને જમાઅતના લોકોને પણ પ્રત્યેક દુવિધાથી બચાવે તથા વિરોધીઓની ચાલો તેમના પર જ ઉલટાવે. મુસ્લિમોને સમજ અને બુધ્ધિ આપે કે તેઓ અલ્લાહ તઆલાના મોકલેલની વાતને સાંભળે તથા સંયુકત સમાજ બનીને ઇસ્લામની શાંતિ પૂર્ણ તથા સુંદર શિક્ષણને દુનિયામાં સ્થાપિત કરનાર અને ફેંલાવનાર બને. આમીન

---



| Khulasa Khutba Jumma Huzoor Anwar 29 July 2016 |
| --- |
| BOOK POST (Printed Matter)<br>To,.........................................................................<br>.........................................................................<br>.........................................................................<br>From: Masroor Manzil, Al-Aman soc. Narol, Ahmedabad-382405 Gujarat. |